STANDARD : 10th

GUJARATI

PAPER : 3

[Time : 60 Minutes] **પ્રશ્નપત્ર - PART - A** [Total Marks : 50]

**સૂચનાઓ :** (1) **નીચે આપેલા 1 થી 50 હેતુલક્ષી પ્રશ્નો ફરજિયાત છે.**

(2) **બધા જ હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો ૧ ગુણ છે.**

(3) **દરેક પ્રશ્નમાં કુલ ચાર વિકલ્પો આપેલ છે. યોગ્ય વિકલ્પ પસંદ કરી આપવામાં આવેલ** *OMR Answer Sheet* **માં જે તે પ્રશ્ન નંબર સાથે આપેલ વિકલ્પની પાસે દર્શાવેલ વર્તુળને કાળી શાહીવાળી બોલપેન વડે પૂર્ણ કરવું.**

(1) અંકિતના માતા - પિતાનું સ્વપ્ન હતું કે ....
(*a*) તે માત્ર ડિગ્રીઓ મેળવે (*b*) તે ઉમદા માણસ બને
(*c*) તે ડૉક્ટર બને (*d*) તે ખૂબ પૈસાવાળો બને

(2) નરેને કઈ તાલીમ મેળવી હતી ?
(*a*) ઘોડે સવારીની (*b*) વનસંરક્ષણની (*c*) પોલીસની (*d*) પર્વતારોહણની

(3) એક જમાનામાં ચીનમાં લોકો કોઈ માંદુ પડે તો શું કરતા ?
(*a*) દવાખાને જતા (*b*) ડૉક્ટર પાસે જતા (*c*) દાકતરને સજા કરતા (*d*) ખબર કાઢવા જતા

(4) લેખક છત્રી લેવા રાજકોટ ગયાની વાતમાં મક્કમ રહ્યા કારણ કે ....
(*a*) લેખક પાસે પૈસા ન હતા (*b*) લેખકને રાજકોટ જવું ગમતું હતું.
(*c*) તે બીજાની પ્રામાણિકતાની કદર કરવા ઈચ્છતા હતા. (*d*) છત્રી હવે વેચાતી મળતી નથી.

(5) જીવલાની કરુણ દશા જોઈને ...
(*a*) લેખક રાજી થઈ ગયા (*b*) લેખકનું હૃદય દ્રવી ઊઠ્યું
(*c*) લેખકને કશી અસર ન થઈ (*d*) લેખક હસવા લાગ્યા

(6) 'જન્મોત્સવ' પાઠમાં લેખક શું કહેવા માગે છે ?
(*a*) લેખક કશું જ કહેવા માંગતા નથી.
(*b*) કૃષ્ણજન્મનું મહત્વ્ સમજાવવા માગે છે.
(*c*) સમાજની જુદી જુદી બે પરિસ્થિતિનું ચિત્ર રજુ કરવા માગે છે.
(*d*) પૈસાદાર લોકો જ પુણ્યશાળી છે.

(7) 'આપણી બબલીની જ પગલી જાણે' આ વાક્ય કોણ બોલે છે ?
(*a*) સ્ટેશન માસ્તર (*b*) ડુંગર (*c*) ડુંગરની પત્ની (*d*) પતિ

(8) કાળુ માને છે કે જગતમાં સૌથી ખરાબ બાબત ....
(*a*) કીર્તિની ભૂખ છે. (*b*) માનવીની જરૂરિયાત છે.
(*c*) માનવીની ઈર્ષા છે. (*d*) સ્વમાન ગુમાવી ભીખ માટે હાથ લંબાવવો તે છે.

(9) શ્રીમદ્ રાજચંદ્રએ લખેલો તત્વજ્ઞા નથી ભરપૂર ચિંતનગ્રંથ કયો છે ?
(*a*) પુષ્પમાળા (*b*) મોક્ષમાળા (*c*) ભાવમાળા (*d*) રાજમાળા

(10) સાંકડી અને નિર્જન ખીણોના ફરવાનો લેખકનો ....
(*a*) કાયમી અનુભવ હતો. (*b*) ઓછો અનુભવ હતો. (*c*) પ્રથમ અનુભવ હતો. (*d*) છેલ્લો અનુભવ હતો.

ULTRA VISION HIGH SCHOOL

(11) આંબા પટેલની ઘોડીની ચાલ કેવી હતી ?

*(a)* ખદડ *(b)* રેવાળ *(c)* ઊભડક *(d)* ઠેકતી

(12) ડાંગવનો અને .......... આકૃતિ શેમાંથી લેવામાં આવેલ છે ?

*(a)* રખડુનો કાગળ *(b)* પોલિ ટેક્નિકલ *(c)* ૐ હાસ્યમ્ *(d)* આનંદલોક

(13) નીચેની કૃતિઓમાંથી કઈ કૃતિનો પ્રકાર નવલિકા છે ?

*(a)* છત્રી *(b)* ચોપડાની ઈન્દ્રજાળ *(c)* વિરલવિભૂતિ *(d)* રેસનો ઘોડો

(14) લેખકશ્રી ચંદ્રકાન્ત પંડયાની કઈ કૃતિ નીચે જણાવેલ છે ?

*(a)* ડાંગવનો અને *(b)* વિરલ વિભૂતિ *(c)* ચોપડાની ઈન્દ્રજાળ *(d)* છત્રી

(15) ભાગવતનું શ્રવણ કોણ કરી રહ્યું હતું ?

*(a)* કાનજી અને દેવજી *(b)* અસિત અને રીટા

*(c)* વૃન્દાવનદાસ અને એમની મંડળી *(d)* વેલજી ડોસો

## પદ્ય વિભાગ

(16) 'વૈષ્ણવજન' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

*(a)* ઉર્મિકાવ્ય *(b)* પદ *(c)* સૉનેટ *(d)* આખ્યાત

(17) 'આઠે પહોર આનંદ'માં સમાયેલા ભાવને અન્ય કયા શબ્દ પ્રયોગ થકી દર્શાવી શકાય ?

*(a)* દિવસ - રાત આનંદ *(b)* સૂરજ તપે ત્યાં સુધી આનંદ

*(c)* ચાંદનીનું અજવાળુ ચમકે ત્યાં સુધી આનંદ *(d)* માણસ જીવે ત્યાં સુધી આનંદ

(18) કેવા હોવાની વાતથી કવિ વિનોદ જોશીની છાતી ગજગજ ફૂલે છે.

*(a)* મરાઠી *(b)* ગુજરાતી *(c)* સાધુ *(d)* બહાદુર

(19) શું વેડફી દેતા સુંદરતા મળતી નથી ?

*(a)* પ્રેમ *(b)* નફરત *(c)* સૌદર્ય *(d)* મિત્રતા

(20) 'દિવસો જુદાઈના જાય છે.' માં કવિ ને કયા સુધી જવું હતું ?

*(a)* ધરા સુધી *(b)* ગગનસુંધી *(c)* ઉન્નત્રિ સુધી *(d)* એકમેકના મનસુધી

(21) બપોર શાનું પ્રતીક છે ?

*(a)* જીવનના મધ્યાહનનું *(b)* જીવનની સાંજનું *(c)* જીવનના અંધકારનું *(d)* જીવનના ઉજાશનું

(22) 'ચાંદલિયો કૃતિનો કાવ્ય પ્રકાર જણાવો.

*(a)* લોકગીત *(b)* સૉનેટ *(c)* ઉર્મિકાવ્ય *(d)* ખંડકાવ્ય

(23) કયા પ્રકારનું કાવ્ય ત્રણ પંક્તિનું હોય છે ?

*(a)* મુક્તક *(b)* દુહા *(c)* સૉનેટ *(d)* હાઈકુ

(24) જગમાં કેવો મુગટ નથી બન્યો ?

*(a)* જેમાં એકલા મોતી હોય. *(b)* જેના માથે જરાય ભારન હોય.

*(c)* જેના મોતી, હીરા, માણેક ના હોય. *(d)* જે વજનમાં હલ્કો હોય.

(25) ગરીબ સ્ત્રીની 'ચૂંદડી' કયાં સુધી તેનો સાથ આપે છે ?

*(a)* બીજી ચુંદડી મળે ત્યાં સુધી *(b)* દશ વર્ષ સુધી

*(c)* કફન સુધી *(d)* ખોવાઈ ન જાય ત્યાં સધી

(26) કેવા ઢોર પોતાની કોઢાર ઝંખે છે ?

*(a)* વેચાઈ ગયેલા *(b)* ખોવાઈ ગયેલા *(c)* ભૂખ્યા *(d)* વતન ગયેલા

ULTRA VISION HIGH SCHOOL

(27) ગાંધીજીએ સત્યનું શું બનાવ્યું ?

*(a)* આયુધ *(b)* શમણું *(c)* ઢાલ *(d)* ઔષધ

(28) વતનથી પાછા ફરતા કાવ્ય નાયક કઈ વસ્તુ ભૂલી શકતા નથી ?

*(a)* પોતાનો સામાન *(b)* વતનના વન, ડુંગર, નદી, કોતર, ખેતર વગેરે

*(c)* ગાડીની ટિકિટ *(d)* સાથે લઈ જવાનું ભાથું

(29) સારસી કયાંથી ઊડી ગઈ હતી ?

*(a)* ખેતરના શેઢેથી *(b)* ઘરના આંગણેથી *(c)* છાપરા પરથી *(d)* જીવનમાંથી

(30) કોને પરમાર્થમાં પ્રીત હોય છે.

*(a)* સજ્જનને *(b)* શત્રુને *(c)* શીલવંત સાધુને *(d)* પરમ મિત્રને

વ્યાકરણ વિભાગ

(31) સાચી જોડણીવાળો શબ્દ શોધો.

*(a)* ચીરંજીવી *(b)* ચિરજિવી *(c)* ચિરંજીવી *(d)* ચિરજિવિ

(32) નીચેનામાંથી કયો શબ્દ સાચો નથી તે જણાવો.

*(a)* પ્રાકૃતિક *(b)* શહાનૂભૂતી *(c)* નિર્ભય *(d)* બહાદુરી

(33) 'ગુજરાતી' શબ્દના ધ્વનિ છૂટા પાડો.

*(a)* ગ્ + ઉ + જ્ + અ + ર્ + આ + ત્ + ઈ *(b)* ગ + ઊ + જ + ર + આ + ત + ઈ

*(c)* ગ + ઉ + જ + રા + ત્ + ઈ *(d)* ગુ + જ + રા + તી

(34) 'પ્રાર્થના' સંધિ છોડો.

*(a)* પ્રા + ર્થના *(b)* પ્ર + અર્થના *(c)* પ્ર + અરથના *(d)* પ્રા + ર્થના

(35) 'દિક + અંબર' સંધિ જોડો.

*(a)* દિગંબર *(b)* દિકંબર *(c)* દીગંબર *(d)* દીકંબર

(36) 'ત્રિકોણ' શબ્દનો સમાસ ઓળખાવો.

*(a)* તત્પુરુષ *(b)* દ્વન્દ્વ *(c)* દ્વિગુ *(d)* ઉપપદ

(37) નીચેનામાંથી દ્વન્દ્વ સમાસનું ઉદાહરણ આપો.

*(a)* કન્યા કેળવણી *(b)* હાડમાંસ *(c)* દેશપ્રેમ *(d)* ખાદીભંડાર

(38) 'અતિશય ચિંતા પેટના અલ્સરને ખો આપે એમ બને' ક્રિયાવિશેષણ શોધીને દર્શાવો.

*(a)* અલ્સર *(b)* અતિશય *(c)* પેટના *(d)* આપે

(39) નીચે આપેલ વાકયોમાંથી કર્તરિ વાકય શોધો.

*(a)* પગ તો ચાલુ જ હતા. *(b)* કેમ નથી ખાવું.

*(c)* મહાજને સુંદરજી શેઠની વાત ધ્યાનથી સાંભળી *(d)* ટેકેય ખોવો નેજીવ પણ ખોવાનો

(40) 'શિક્ષક લખે છે.' પ્રેરક વાકય બનાવો.

*(a)* શિક્ષક વડે લખાવાય છે. *(b)* શિક્ષક લખશે

*(c)* આચાર્ય શિક્ષકને લખાવશે *(d)* શિક્ષકે લખ્યું

(41) 'રૂપક' અલંકારનું ઉદાહરણ શોધીને લખો.

*(a)* શિશુ સમાન ગણી સહદેવને *(b)* વદન સુધાકરને રહું નિહાળી

*(c)* યામીની વ્યોમસર માંહે સરતી *(d)* ને આ બુઢ્ઢોવડ પણ નકારેજ માથું હલાવી

(42) 'નટવર નિરખયા નેન રે' અલંકારનું ઉદાહરણ શોધીને લખો.

*(a)* યમક *(b)* રૂપક *(c)* ઉત્પ્રેક્ષા *(d)* વર્ણસગાઈ

(43) 'વહેતા પાણીમાં થતી ઘૂમરી' શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

*(a)* તરંગ *(b)* લહેર *(c)* પરપોટો *(d)* વમળ



ULTRA VISION HIGH SCHOOL

(44) 'પગ જકડાઈ જવો' રૂઢિપ્રયોગનો અર્થ લખો.
*(a)* દુઃખાવો થવો *(b)* સ્તબ્ધ થઈ જવું *(c)* નવાઈ લાગવી *(d)* ઊભા રહી જવું

(45) કહેવતનો અર્થ લખો. 'ઝાઝા હાથ રળિયામણા'
*(a)* બે હાથ વગર તાળી નપડે *(b)* વધારે લોકો હોય તો કામ સારુ ને જલ્દી થાય
*(c)* વિના સહકાર નહિ ઉદ્ધાર *(d)* બહાદુર માણસ

(46) 'ઝૂંપડી' શબ્દનો સમાનાર્થી લખો.
*(a)* મહેલ *(b)* કુટિર *(c)* ઘર *(d)* કેળવું

(47) 'આશીર્વાદ' શબ્દનો વિરુદ્ધાર્થી લખો.
*(a)* સાપ *(b)* શાપ *(c)* દુઆ *(d)* આશિષ

(48) 'સડપ' તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો.
*(a)* ઝડપ *(b)* સબડક *(c)* કડક *(d)* સડક

(49) 'નીડ' શબ્દનો અર્થ જણાવો.
*(a)* તીડ *(b)* ઘર *(c)* ઘોડો *(d)* માળો

(50) 'સંવાદ' શબ્દને ક્યો પ્રત્યય લાગ્યો છે ?
*(a)* મૂળ પ્રત્યય *(b)* પર પ્રત્યય *(c)* પૂર્વ પ્રત્યય *(d)* તદ્ધિત પ્રત્યય

---

**[Time : 2:00 Hours ]** **PART - B** **[Total Marks : 50]**

---

**સૂચના :**
- **આ પ્રશ્નપત્રમાં કુલ ચાર વિભાગ છે.**
- **બધા જ પ્રશ્નો ફરજિયાત છે.**
- **જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.**

---

## SECTION-A

- **નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો.** **(04)**

(1) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

**અથવા**

(1) નવજાત બાળકની કરુણતા 'જન્મોત્સવના' આધારે વર્ણવો.

- **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ - ચાર વાક્યમાં ઉત્તર લખો.** **(04)**

(2) શ્રીમદ્‌ની જીવદયા અને કરુણા કયા પ્રસંગમાંથી પ્રગટ થાય છે ?

(3) લેણદાર અને દેણદારના આવકારમા રહેલો વિરોધાભાસ જણાવો.

**અથવા**

(3) 'જીવલો દાનતનો શુદ્ધ' એવુ શા પરથી કહી શકાય ?

- **નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો.** **(03)**

(4) વતનથી વિદાયતા કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

**અથવા**

(4) 'એક બપોરે' કાવ્યમાં વકતવ્ય સ્પષ્ટ કરો.

ULTRA VISION HIGH SCHOOL

● **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.** **(04)**

(5) ચાંદલિયો લોકગીતના આધારે રાત્રિનું વર્ણન કરો.

(6) મુરલી ઠાકુરને આંગણું મોટુ શા માટે લાગે છે.

**અથવા**

(6) કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનુ કહે છે.

## SECTION-B

● **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **(05)**

(7) "સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે, પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે એક વ્યક્તિ તેને કરકસરથી, યોજનાપૂર્વક, વયવસ્થિત રીતે ખર્ચે છે ; જયારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એક ને સંતોષ અને સફળતા મળે છે, બીજાને થાક અને નિષ્ફળતા જે વ્યક્તિને પોતાનો સમય વાપરતાં આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુ સમય જમા થઈ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગા થાય એ પછી શું ન કરી શકે ? એ ધારે તે કરી શકે."

- મોહમ્મદ માંકડ

● **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં વિચાર-વિસ્તાર કરો.** **(05)**

(8) "દીવડીએ દંડાય છે, ચોરી મૂઠી જારના ;
ને લાખ ખાંડી લૂંટનાર મહેફિલે મંડાય છે."

**અથવા**

(8) પૈસા ને વળી પદવીનો, વિશેષ શો વિશ્વાસ ;
રાવણ કેરી સિદ્ધિ પણ, પળમાં પામી નાશ.

## SECTION- C

(9) કલ્પેશ દેસાઈ શિશુંકુંજ નવોદય સુરતથી હેલ્થ ઑફિસર સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ને શેરીમાં જે ગંદકી થઈ છે તે દૂર કરાવવા બાબત ફરીયાદ કરતો એક પત્ર લખો.
(પત્રમાં તમારું નામ, સરનામું કે સહીનો ઉલ્લેખ કરવો નહિ.) **(05)**

(10) તમારી શાળાએ જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓ માટે શરૂ કરેલ પુસ્તક બેંકના ઉદઘાટન પ્રસંગનો અહેવાલ લખો. **(05)**

ULTRA VISION HIGH SCHOOL

## SECTION- D

● **નીચેનો ગદ્યાંશ વાંચીને તેની નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો.** **(03)**

સત્યનો ઉચ્ચાર એની ઘોષણા અને એની શોધ માનવી માટે સ્વાભાવિક છે. જો બાળકોના સમાજ અને તેમનાં માતા પિતા સત્ય નિષ્ઠા જમ્નમાવે ભાવે તો સત્યનું બળ બાળકોને ગમે તેવી કથરીને મૂંઝવતી મુશ્કેલીઓના પણ સત્ય બોલવાની ફરજ પાડે છે. પરંતુ એકવાર અસત્ય નિષ્ઠા દ્દઢમળ થઈ ગઈ તો પછી તેને દૂર કરવી અઘરી છે. તેમ છતાં સત્યનું બળ એવુ અદભૂત છે કે માનવમાત્રને અનિચ્છાએ પણ સત્યનો એકરાર કરવો જ પડે છે.

(11) માનવી માટે શું સ્વાભાવિક છે ?

(12) શેને દૂર કરવું અઘરું છે ?

(13) કોનુ બળ અદભૂત છે ?

● **નીચેનું કાવ્ય વાંચીને તેની નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો :** **(04)**

કોણે કીધુ ગરીબ છીએ ? કોણે કીધુ રાંક  
કાં ભૂલી જા, મન રે ભોળા આપણા જુદા આંક  
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ  
એમાં તો શું બગડી ગયુ ? એમાંતે શી ખોટ  
ઉપરવાળી બેન્ક બેઠી છે, આપણી માલંમાલ  
આજનું ખાણું આજ આપેને, કાલની વાતો કાલ,  
ધૂળિયે મારગ, એક મળે જો આપણા જેવો સાથ  
સુખદુ:ખોની વાતો કહેતા, બાથમાં ભીડી બાથ.

(14) કવિના મતે આપણું જીવન કેમ બગડી ગયું નથી ?

(15) ઉપરવાળીની પૈસવાળી બેન્ક એટલે કોણ ?

(16) આપેલ કાવ્યમાં કવિ પાસે શું - શું નથી ?

(17) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

● **નીચે આપેલા વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **(08)**

(18) **<u>પરિશ્રમ એજ પારસમણિ</u>**

***મુદ્દાઓ:*** પ્રસ્તાવના – પરિશ્રમનું મહત્વ – શ્રમનું ગૌરવ શી રીતે વધારી શકાય –
– ઉપસંહાર

**અથવા**

(18) **<u>સ્વચ્છતા ત્યાં પ્રભુતા</u>**

***મુદ્દાઓ:*** પ્રસ્તાવના – સફાઈનો અર્થ – શરીરની સફાઈ – મનની સફાઈ – ઉત્તમ વિચારો, સંસ્કાર, કેળવણી સ્વચ્છતા જાળવવામાં મદદરૂપ – સ્વચ્છતા ત્યાં પ્રભુતા – ગંદકી ફેલાવવાનાં કારણો – સ્વચ્છતા જાળવવાના ઉપાયો – સ્વચ્છતા આપણી નૈતિક ફરજ દેશસેવા – ઉપસંહાર

***<u>BEST OF LUCK</u>***

ULTRA VISION HIGH SCHOOL

## **: : Answer - Key : :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1 – B) | (2 – B) | (3 – C) | (4 – C) | (5 – B) | (6 – C) | (7 – C) |
| (8 – D) | (9 – B) | (10 – C) | (11 – B) | (12 – A) | (13 – D) | (14 – C) |
| (15 – C) | (16 – B) | (17 – A) | (18 – B) | (19 – C) | (20 – D) | (21 – A) |
| (22 – A) | (23 – D) | (24 – D) | (25 – C) | (26 – A) | (27 – A) | (28 – B) |
| (29 – A) | (30 – C) | (31 – C) | (32 – B) | (33 – A) | (34 – B) | (35 – A) |
| (36 – C) | (37 – B) | (38 – B) | (39 – C) | (40 – C) | (41 – B) | (42 – D) |
| (43 – D) | (44 – B) | (45 – B) | (46 – B) | (47 – B) | (48 – A) | (49 – D) |
| (50 – C) | | | | | | |

ULTRA VISION HIGH SCHOOL